
# લાઇટવાળા દાંડિયા આ વર્ષે ધૂમ મચાવશે

## નવરાત્રીની ઓળખ છે દાંડિયા : ગોધરા અને રાજકોટ દાંડિયા માટે જાણીતું

ગાંધીનગર, તા. ૧૩

નવરાત્રીની તૈયારીઓ શરૂ થઈ ચૂકી છે... લોકોની ખરીદદારી પણ ચાલુ થઈ ચૂકી છે. ગલી, પોળ, મેદાન શણગારવા શરૂ થઈ ગયા છે. ગરબાની પંક્તિઓ સાંભળી લોકો થીરકવા માંડ્યા છે. કેટલો ઉલ્લાસ અને ઉમંગ લઈને આવે છે નવરાત્રી. નવરાત્રીમાં કરોડો રૂપિયાનો વેપાર થાય છે. ચણિયા ચોળીથી માંડીને ઑર્નામેન્ટ્સની ધૂમ ખરીદી કરવામાં આવે છે. આ નવરાત્રીનું એક બીજું જરૂરી ઑર્નામેન્ટ્સ છે દાંડીયા...



કયાં બને છે દાંડિયા... આજે તો અવનવાં શણગારેલાં દાંડિયા મળે છે. તમે વિચાર્યું છે કે આ દાંડિયા કયાં બનતા હશે. સામાન્ય રીતે પેંડા માટે જાણીતું રાજકોટ દાંડિયા માટે પણ તેટલું જ વખણાય છે. દર વર્ષે લાખો રૂપિયાનાં દાંડિયા રાજકોટથી અમેરિકા, લંડન, મુંબઈ, હૈદરાબાદ, કલકત્તા, ચેન્નાઈ તેમજ ગુજરાત સહિત વિશ્વભરમાં નિકાસ થાય છે.

આ ઉપરાંત ગોધરામાં પણ લગભગ ૧૦૦ જેટલાં કારખાના અને ગોધરાની આસપાસ ૬૦ કારખાનાઓ આવેલા છે. આ કારખાનામાં ૫૦૦થી વધુ કારીગરો કામ કરે છે. આ કારખાનામાં કામ કરતાં યુવકો મોટે ભાગે મુસ્લિમ યુવાનો છે. જે બે વર્ષની તાલીમ બાદ દાંડિયા બનાવે છે અને રોજનાં ૧૦૦ થી ૧૫૦ રૂપિયા કમાય છે. ગોધરામાંથી દાંડિયા દેશભરમાં મોકલવામાં આવે છે. જે પેઢી દર પેઢીથી ચાલી રહ્યો છે.



દાંડિયાની લેટેસ્ટ ડિઝાઈન - આમ તો દર વર્ષે જુદી જુદી વેરાયટીનાં દાંડિયા બજારમાં જોવા મળે છે. આ વર્ષે નવી લાઈટવાળા દાંડિયા આવ્યાં છે. ઉપરાંત બોરિંગવાળા, ચુંદડીવાળા, લાકડાના, એલ્યુમિનિયમના, તેમજ પારદર્શી દાંડિયા મળે છે. આ વર્ષે દાંડિયામાં નવી ત્રણ વેરાયટી આવી છે. રાજા-રાણી દાંડિયામાં એક દાંડિયા ઉપર રાજા અને બીજા દાંડિયા ઉપર રાણી ચોંટાડેલી હોવાથી દેખાવે આ દાંડિયા સુંદર દેખાય છે.

ગોલ્ડન મેટલ, કલરફૂલ, મેટલ, લાકડાનાં દાંડિયા, તૂઈ અને કોડીવાળા દાંડિયા અને સાગના સ્પેશિયલ દાંડિયા બજારમાં જોવા મળ્યા છે. યુવતીઓએ ચળિયાચોળી સાથે મેચિંગ દાંડિયાઓ શોધી રહ્યાં છે. ઑર્નામેન્ટ્સમાં એન્ટીક સેટ લેટેસ્ટ છે. મલ્ટીકલરના લોગસેટ, કમર બેલ્ટ, બલૈયા, ટીકા, દામડીની ખરીદી થઈ રહી છે.

તે ઉપરાંત એક દાંડિયામાં પાંચ-સાત નાની લાઈટોવાળા દાંડિયાએ ખાસ આકર્ષણ જમાવ્યું છે. આ વર્ષે ગ્રાહકોને આકર્ષવા લાઈટવાળા દાડિયાની નવી આઈટમો બજારમાં આવી છે. આ દાંડિયામાં એક સરકીટ ફીટ કરવામાં આવે છે જે બેટરીથી ઓપરેટ થાય છે. આ દાંડિયામાં રહેલી સ્વીચથી લાઈટ બાંધ ચાલુ થઈ શકે છે.

કોણે કેવા દાંડિયા ગમે - નવરાત્રીમાં જેમ ચણિયાચોળી, ઑર્નામેન્ટ્સ અને ગરબામાં દેશી અને વેસ્ટર્નનો સમન્વય જોવા મળે છે તેવી જ રીતે દાંડિયાની અવનવી વેરાઈટીઓ આ વર્ષે આ વર્ષે બજારમાં જોવા મળી છે.

યુવતીઓને મોટે ભાગે લાકડાનાં, ચણિયાચોળી સાથે મેચ કરે તેવા અને વર્ક કરેલા દાંડિયા વધારે પસંદ કરે છે તે વળી, યુવકોને બેરિંગવાળા તેમજ લાઈટવાળા દાંડિયા વધારે ગમે છે. નાની - નાની બાળાઓ માટે દુકાનદાર ખાસ પ્રકારના નાના દાંડિયા બનાવે છે.

એક જમાનામાં દાંડિયાને લઈને નવરાત્રી ખૂબ જ પ્રચલિત હતી, એ હવે ધીરે ધીરે આઉટ ઑફ ફૅશન થવા માંડ્યા છે. જયારથી દોઢિયા સાથે વિવિધ સ્ટેપ પ્રચલિત બન્યા છે ત્યારથી ભાગ્યે જ કોઈ જગ્યાએ દાંડિયા રાસ રમતા જોવા મળે છે.

# આજે ડૉ. આંબેડકર ભવન ખાતે ભી.ન. વણકરનું વ્યાખ્યાન યોજાશે

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગરના દલિત સાહિત્યકારો અને ભાવકોના માટે દર માસે સાહિત્યિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. જેના અંતર્ગત દલિત કવિના સંકલન 'અસ્તિત્વ અને ઓળખ' વિશે જાણીતા વિવેચક ભી.ન. વણકરનું આજે વ્યાખ્યાન યોજવામાં આવશે.

દલિત સાહિત્યકારો અને ભાવકો માટેનો સાહિત્યિક ગોષ્ઠી અંગેનો કાર્યક્રમ આજે તા. ૧૪મી ઓક્ટોબર-૨૦૧૨ને રવિવારે સાંજે ૫ થી ૮ કલાકે સમિતિ ખંડ, ડૉ. આંબેડકર ભવન, સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે દલિત કવિતા સંકલન 'અસ્તિત્વ અને ઓળખ' વિશે વ્યાખ્યાન યોજવામાં આવશે. ગાંધીનગરના સાહિત્ય રસિકોને આ પ્રસંગે ઉપસ્થિત રહેવા 'અધિકાર'ના પ્રમુખ ચંદુ મહેરિયાએ ખાસ અનુરોધ કર્યો છે.

# તપોધન સંસ્કારપીઠમાં ગાંધી-શાસ્ત્રીજી જન્મજયંતિ ઉજવાઇ

ગાંધીનગર, તા. ૧૩

તપોધન સંસ્કાર પીઠમાં પૂ.પં.શ્રી ચંદ્રશેકરજી મહારાજના સુશિષ્ય બાળપ્રેમી પૂ. શ્રી ભવ્ય કીર્તિવિજયજી મ. સાહેબની નિશ્રામાં તા. ૨જી ઑકટોબરના રોજ ગાંધી તથા શાસ્ત્રીજીની જન્મજયંતિ પ્રસંગે પ્રેરક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જેમાં તપોધન સંસ્કાર પીઠ અમીયાપુરના ધોરણ ૫ થી ૧૨નાં ૫૦૦ બાળકોએ ઉત્સાહભેર ભાગ લઈ બંને મહાપુરૂષોના જીવન પ્રસંગો આધારિત નાટિકા એકપાત્રીય અભિનય સુંદર રીતે રજૂ કર્યો હતો.

મહાત્મા ગાંધીજી અને લાલબહાદુર શાસ્ત્રીજીના જીવનના પ્રેરક પ્રસંગો રજૂ કરવામાં આવ્યા હતા. ભાગ લેનાર દરેક વિદ્યાર્થીને રૂા. ૨૧/- પ્રભાવના આપવામાં આવી હતી. કનુભાઈ ચિતારવાડીયા તરફથી પ્રસાદી કરવામાં આવેલ. કાર્યક્રમમાં ભાગ લેનાર બાળકોનાં નામ - પ્રેમ, હેત, કલ્પ, ધ્રુવ, મેધ, આલાપ, અક્ષિત, જૈનમ, મીત, રોમિત, તનીશ, કરણરાજ, સ્મિત, પાર્થ, ભાવિન, સિધ્ધ, રક્ષિત, કુશલ, આશિત, ભવ્ય, જય, ચિરાગ, , આશિષ, વિકાસ, ઓમ, અજય, યશ, જય, સાગર, વત્સલ, મહાવીર, હીલ, દેવ વગેરે ભાગ લીધો હતો.

# આજે અધ્યાપક- વિદ્યાર્થી સંમેલનનું આયોજન

અમદાવાદ, તા. ૧૩

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના યુવક કોંગ્રેસ, એનએસયુઆઈ, અધ્યાપક સેલ, સંચાલક મંડળના સંયુક્ત ઉપક્રમે તા. ૧૪.૧૨.૧૨ને રવિવારના રોજ બપોરે ૪.૦૦ કલાકે ગુજરાત યુનિવર્સિટી સેનેટ હોલ, અમદાવાદ ખાતે અધ્યાપક-વિદ્યાર્થી અસ્મિતા સંમેલનનું આયોજન કરવામાં આવ્યુ છે. આ સંમેલનમાં પ્રમુખ સ્થાને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિની ચૂંટણી અભિયાન સમિતિના ચેરમેન શંકરસિંહ વાઘેલા સંમેલનને સંબોધન કરી રાજ્યની શિક્ષણની હાલની પરિસ્થિતિ વિશે ચિતાર આપશે અને તેને બળવત્તર બનાવવા વિશેષ ઉપસ્થિત રહી સંમેલનને સંબોધન કરશે. ઉપરાંત અન્ય શિક્ષણવિદો પણ આ સંમેલનને સંબોધન કરી જરૂરી માર્ગદર્શન પૂરું પાડશે.

આ કાર્યક્રમમાં વિવિધ યુનિવર્સિટીઓમાં અલગ અલગ વિભાગોમાં ચૂંટણીમાં જીતેલાઓનો સન્માન-સત્કાર કરવામાં આવશે. આ કાર્યક્રમમાં સંચાલકો, અધ્યાપકો, શિક્ષણવિદો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજરી આપશે અને શિક્ષણ સાથે સંકળાયેલ મહાનુભાવોને આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.

કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા

# યુવક મહોત્સવની વિજેતા કૉલેજ માટે રોટેટીંગ ચૅમ્પિયન્સ ટ્રૉફી

## સંસ્થાના દીર્ઘદ્રષ્ટા પૂર્વ ચેરમેન સ્વ. માણેકલાલ પટેલના નામે વિજેતા ટીમને આ ટ્રૉફી આપવાનો શિરસ્તો શરૂ

ગાંધીનગર, તા. ૧૩

કડી સર્વ વિશ્વવિદ્યાલયના ચોથા યુવક મહોત્સવથી સંસ્થાના દીર્ઘદ્રષ્ટા પૂર્વ ચેરમેન સ્વ. માણેકલાલ પટેલના નામથી એક રોટેટીંગ ચેમ્પિયન્સ ટ્રૉફીનો આરંભ પણ કરવામાં આવ્યો છે.

ગઈકાલે યુવક મહોત્સવના સમાપન સમારોહમાં ચેમ્પિયન બનેલી અશ્વિનભાઈ એ પટેલ કોમર્સ કોલેજ અને એસ કે પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝને સંયુક્તપણે આ ટ્રૉફી અર્પણ કરવામાં આવી હતી.



સ્વ. માણેકલાલ પટેલના નેતૃત્વમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળે રોકેટ ગતિએ પ્રગતિ કરી હતી અને આજે સંસ્થાનો જે વ્યાપ છે એ સ્વ. માણેકલાલ પટેલને આભારી છે. એમની દીર્ઘદ્રષ્ટિ અને સબળ નેતૃત્વને કારણે સંસ્થાએ ઘણી પ્રગતિ કરી છે.

આવા દીર્ઘદ્રષ્ટા પૂર્વ ચેરમેનના નામ સાથે જોડાયેલી ટ્રૉફી વિજેતા બનેલી ટીમને આપવાનો પ્રશસ્ત શિરસ્તો કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા શરૂ કરવામાં આવ્યો છે એ બાબતને વિદ્યાર્થીઓ અને અધ્યાપકો દ્વારા આનંદ સાથે આવકાર આપવામાં આવ્યો હતો અને બંને વિજેતા ટીમોએ સ્વ. માણેકલાલ પટેલના નામ સાથે જોડાયેલી ટ્રૉફી મેળવીને ગૌરવની લાગણી અનુભવી હતી.

# કોલેજીયન યુવાનો માટે માનસિક સ્વાસ્થ્ય જાગૃતિ કાર્યક્રમ અને પોસ્ટર પ્રદર્શન યોજાયું



ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર શહેરના જાણીતા સાઈકીઆટ્રી ડૉ. રાજેન્દ્ર આનંદની અધ્યક્ષતામાં તાજેતરમાં ૮મી ઓકટોબરથી ૧૩મી ઓકટોબર ૨૦૧૨ દરમિયાન કનોરિયા હોસ્પિટલ અને કનોરિયા સેન્ટર ફોર મેડીકલ એજયુકેશન ખાતે માનસિક સ્વાસ્થ્યની જાગૃતિ અંગે વ્યાખ્યાન, સ્લાઈડ શો, વ્યસન મુકિત અને પોસ્ટર પ્રદર્શનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

વિશ્વ માનસિક સ્વાસ્થ્ય સપ્તાહ દરમિયાન અમદાવાદ, મહેસાણા, વિસનગર, ગાંધીનગર તેમજ ગુજરાતના અન્ય સ્થળેથી કોલેજના વિદ્યાર્થીઓ તથા અન્ય જાગ્રત યુવાનોએ કેમ્પસની મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓને નિષ્ણાંત મનોચિકિત્સકોના વ્યાખ્યાનોથી માહિતગાર કરવામાં આવ્યા હતા. કોલેજના વિદ્યાર્થીઓએ માનસિક સ્વાસ્થ્યની જાગૃતિ અંગેના રંગ-બેરંગી પોસ્ટર્સ તૈયાર કર્યા હતા. વ્યસન મુકિત સંદર્ભે પણ સ્લાઈડ શો તથા પોસ્ટર પ્રદર્શની મુકવામાં આવી હતી. સપ્તાહ દરમિયાન મફત ઓ.પી.ડી. પ્રોગ્રામ અને મફત કાઉન્સેલીંગ પ્રોગ્રામ વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યો હતો. આજની 'ફાસ્ટ લાઈફ'માં દરેક વ્યકિત ચિંતા, તણાવ, હતાશા જેવી મનોશારીરિક બિમારીઓથી પીડાય છે ત્યારે યુવાનોમાં આ બાબતે જાગૃતિ આવે, ચિંતા મુકત બની, સ્વસ્થ જીવન જીવે અને વ્યસનથી દૂર રહી આનંદીત જીવનશૈલી અપનાવે તેવા સપ્તાહ દરમિયાન વિધ-વિધ કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમમાં ડૉ. રાજેન્દ્ર આનંદ, નરેશ ત્રિવેદી, જિજ્ઞેશ વાઘેલા અને કપીલ ખુડાણીયાએ જરુરી સહકાર આપ્યો હતો. કલીનીકલ સાયકોલોજીસ્ટર ઈન્દ્રજીત કનોજીયાએ આ પ્રસંગે જરુરી કામગીરી સંભાળી વિદ્યાર્થીઓને મુંઝવતા પ્રશ્નોના સંતોષકારક જવાબ આપ્યા હતા. કનોરિયા હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડન્ટ ડૉ. રાજેન્દ્ર આનંદે સૌ યુવાનોને વ્યસન મુકત બની મનની સ્વસ્થતા જાળવી તંદુરસ્ત અને જાગૃત નાગરિક બનવા હાકલ કરી હતી.

# ગુજરાત વિધાનસભા સચિવાલય પેન્શનર્સ સમાજનું સ્નેહમિલન આજે

ગાંધીનગર, તા. ૧૩

ગુજરાત વિધાનસભા સચિવાલય પેન્શનર્સ સમાજ, ગાંધીનગરનો આઠમો ઈનામોત્સવ તથા સ્નેહમિલન સમારોહ રવિવારે સવારે યોજાશે.

સંસ્થાના પ્રમુખ એન જે નિમાવતે આ અંગે માહિતી આપતાં જણાવ્યું છે કે અગાઉ વરસાદને કારણે મુલતવી રખાયેલો આ કાર્યક્રમ હવે રવિવારે સવારે ૯.૩૦ કલાકે બ્રહ્માણી કૃપા હૉલ, કડી કૅમ્પસ, સૅક્ટર-૨૩ ખાતે આયોજિત કરવામાં આવ્યો છે.

કાર્યક્રમ અંતર્ગત તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ, સિનીયર સિટીઝન્સનું સન્માન, સમાજની નવનિર્મિત ડિરેક્ટરીનું વિમોચન તથા સમાજનાં બાળકો દ્વારા તૈયાર કરવામાં આવેલા સાંસ્કૃતિક કાર્યક્રમની પ્રસ્તુતિ કરવામાં આવશે. સમાજના સભ્યોને કાર્યક્રમમાં પધારવા તેમણે ઈજન પાઠવ્યું છે.

## તપોધન સંસ્કાર પીઠના પાર્શ્વ ધર્મ-આરાધનામાં રેકોર્ડ સ્થાપિત કર્યો



ગાંધીનગર, તા. ૧૩

તપોધન - સંસ્કાર પીઠ, અમીયાપુરના ધોરણ-૬નાં તપોધન શ્રી પાર્શ્વ કલ્પેશભાઈ શાહે, ઉંમર વર્ષ-૧૧માં પર્યુષણ પર્વમાં ધર્મ આરાધના માટે પરદેશમાં લંડન જઈ રેકોર્ડ સ્થાપિત કર્યો હતો.

# વિશ્વમાં એક અબજ લોકો પાસે હજુ મોબાઈલ નથી

લંડન,તા. ૧૩

તાજેતરમાં કરવામાં આવેલા એક નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે વિશ્વભરમાં આશરે એક અબજ લોકો પાસે હજુ પણ તેમના પોતાના મોબાઈલ નથી. જ્યારે વિશ્વની વસ્તી પૈકી ત્રીજા ભાગની વસ્તી પાસે ઈન્ટનેટની સુવિધા નથી અતવા તો આ લોકો ઈન્ટરનેટનો ઉપયોગ કરવાથી વંચિત છે. ઈન્ટરનેશનલ ટેલિકોમ્યુનિકેશન યુનિયન (આઈટીયુ) દ્વારા તૈયાર કરવામાં આવેલા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે વર્ષ ૨૦૧૧ના અંત સુધી વિશ્વની વસ્તી સાત અબજ પૈકી છ અબજ પાસે મોબાઈલ ફોનની સુવિધા થઈ ચુકી છે. આનો મતલબ એ થયો કે વિશ્વભરમાં મોબાઈલ કંપનીઓ અતિ ઝડપથી તેમના મોબાઈલ નેટવર્કને ફેલાવવામાં સફળ રહી છે. જો કે દુરસંચાર ઈન્ડસ્ટ્રીઝની ઝડપી સફળતા છતાં એક અબજ લોકો પાસે ફોન નથી. જ્યારે ૨.૩ અબજ જેટલા લોકો ઈન્ટરનેટની સુવિધાથી વંચિત છે. અહેવાલમાં જણાવવામા આવ્યું છે કે તાજેતરના વર્ષોમાં મોબાઈલ ફોન મેળવી રહેલા લોકોની સંખ્યામાં અતિ ઝડપથી વધારો થયો છે. વિકાસશીલ દેશોમાં તેજી વધારે જોવા મળી રહી છે.

વર્ષ ૨૦૧૧માં વિકાસશીલ દેશોમાં આંકડો બે ગણો વધ્યો છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે મોબાઈલ બ્રોડબેન્ડનો ઉપયોગ વિકાશશીલ દેશોમાં ૭૮ ટકા સુધી વધી ગયો છે. જ્યારે સમગ્ર વિશ્વમાં આંકડો ૪૦ ટકા સુધી વધી ગયો છે. ઈન્ટરનેટ પોષાય તેવા દેશોની વાત કરવામાં આવે તો ૧૬૧ દેશોની યાદીમાં મકાવુ, નોર્વે અને સિંગાપોર ટોચમાં છે. હાલમાં વિશ્વભરમાં મોબાઈલને લઈને જોરદાર ક્રાતિ જોવા મળી રહી છે. મોબાઈલનો ક્રેઝ વધી રહ્યો છે જેથી મોબાઈલની કંપનીઓ વચ્ચે વધારે સારી સારી સુવિધા સાથે બજારમાં મોબાઈલ લાવવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. હજુ મોબાઈલ કંપનીઓ વચ્ચે તીવ્ર સ્પર્ધા રહેવાના સંકેત દેખાઈ રહ્યા છે.

# વ્યક્તિગત સંબંધોથી એકાદ કુટુંબમાં પ્રકાશ ફેલાય જ્યારે સામુહિક સંબંધોથી સમાજ ઉજળો બને છે

**સંબંધ સજાવે જીંદગી**

- પોપટલાલ પ્રજાપતિ

ઉમંર વધતાં કપાળ પર પડેલી કરચલીઓ અને માણસના હૃદયમાં પડતી કરચલીઓને કોઈ મીટાવી શક્યુ નથી. પણ ગાંધીનગરના સાહેબોના કપડાં પર પડેલી કરચલીઓ કે કપડાના ડાઘને ધોવાનું કામ યુ.પી.ના ભૈયાજીઓ અને એમાંયે ખાસ કરીને ગોરખપુર અને બારાબંકીના ભૈયાજીઓ સેક્ટરે સેક્ટરે ઝાડને છાંયડે ટેબલ મુકીને કે ક્યાં તો કોઈ દીવાલને ટેકે લપાતા છુપાતા કરે છે. પણ નાના માણસોના દિલમાં ડોકીયુ કરવાની કાંતો આપણને ફુરસદ નથી અને કાં તો આપણે લઘુતાગ્રંથીથી પિડાઈએ છીએ. પણ ક્યારેક નાના દિલની મોટી અમીરાત આપણને માણસાઈના પાઠ શીખવી જાય છે. આવા જ એક નાના માણસની વાત, પણ મોટા ગજાનો માનવી છે. જેને માનવીય સંબંધો બનાવવા અને નીભાવવાનું એક પ્રકારનું વળગણ વાળગ્યું છે. એને ગાંડપણ ન કહેવાય, ઘેલછા જરૂર કહીશુ. નામ એનું લાલચંદ કનોઝીયા. સેક્ટર-૬ અપના બજાર પાછળ શાક મારકેટમાં શોપીંગમાં ઈસ્ત્રીનો ધંધો કરે. લાલચંદ ૧૪ વર્ષનો હતો ત્યારથી કુટુંબ, પરીવાર અને વતન છોડી ગાંધીનગરમાં પેટીયુ રળવા આવેલો. સે.-૨૨માં એક ઝાડના છાંયડે ઈસ્ત્રી બનાવવાનો ધંધો શરૂ કર્યો. કામની ધગશ અને મીઠા સ્વભાવને કારણે થોડા વર્ષોમાં ધંધામાં જમાવટ થઈ ગઈ પછી તો તેણે વતનમાંથી બીજા ભાઈઓને અહિં બોલાવી ધંધો કરવા પ્રોત્સાહીત કરવા માંડ્યા. જોત જોતામાં ગાંધીનગર ખાતે ૨૫૦ ઉપરાંત ધોબીઓએ વિવિધ સેક્ટરોમાં કબજો જમાવ્યો અને સૌએ સાથે મળી ગાંધીનગરાઓને ઈસ્ત્રી ટાઈટ રાખ્યા. આ બધા ભૈયાજીનો લીડર લાલચંદ કનોઝીયા. લાલચંદે સૌને એકબીજા સાથે હળીમળીને રહેતા શીખવ્યુ. કોઈ ભૈયાજીને સામાજીક કે આર્થિક તકલીફ ઉભી થાય તો સૌનો હાતિમતાઈ એટલે લાલચંદ કનોઝીયા. લોકોની સેવા કરવામાં કે તેમની તકલીફોના નિવારણમાં ક્યારેક કુટુંબને પણ લાલચંદે વિસારે પાડી દીધુ છે. દરેક ભૈયાજી લાલચંદનો આદર કરે છે. તેમના બોલને મહત્વ આપે છે. કૌટુંબિક ઝઘડાની પતાવટમાં લાલચંદના ન્યાયને સૌ શિરોમાન્ય ગણે છે. આ માણસ પણ ખુબ ભલો અને દયાળુ છે. લાગણીશીલ પણ ખુબ. સૌના દિલમાં તેમના પ્રત્યે આગવુ સ્થાન. કોઈના ઘરે પ્રસંગ હોયતો પોતાનો ધંધો બંધ કરીને પણ દોડી જાય. તેઓ માને છે કે વતન સે દૂર હમારે ભાઈ યહાં પેટ કે ખાતિર આયે હૈ. ઉનકો હમ નહીં સંભાલેંગે તો હમારા યહાં કૌન ? એક વખત એક ભૈયાજીની તબિયત અચાનક બગડતાં તાત્કાલિક ૧૦૮ બોલાવી તેને હોસ્પિટલ ભેગો કર્યો અને ફોન કરી કરીને એક કલાકમાં તો લાલચંદે ૧૦૦ ભૈયાજીઓને સિવિલમાં બોલાવી એકઠા કરી દીધા. અને બધી જ તેની સેવામાં લાગી ગયા ત્યારે બધાને લાગ્યું કે લાલચંદ તો હમારા ફરિશ્તા હૈ. તેઓ પાંચ વર્ષ સમાજના પ્રમુખપદે પણ રહી ચુક્યા છે પણ પછી તેમને લાગ્યું કે સેવા કરવા માટે કોઈ હોદ્દાની જરૂર પડતી નથી ત્યારથી તેઓ હોદ્દાથી દૂર રહી સમાજના જ્ઞાતિ બંધુઓની સતત દેખભાળ રાખે છે. કોઈ ભૈયાજીને કોર્ટ કચેરીનું લફરા ઉપસ્થિત થાય તો તેની પતાવટ માટે પણ તેઓ દોડી જાય છે. આમ ગાંધીનગરના સર્વે ઈસ્ત્રી કરનાર ભૈયાજીઓના હમદર્દ અને સુખદુઃખના ભાગીદાર એવા લાલચંદ કનોઝીયા એક અનોખા અને અલગારી જીવ છે તેઓ સ્વામી નારાયણ ધર્મ પાળે છે.



ભગવાનમાં તેમને ખુબ શ્રદ્ધા છે. દર પુનમે તેઓ ધંધો બંધ રાખી સર્વે જ્ઞાતિબંધુઓના સુખદુઃખના સમાચાર પુછે છે. કોઈ દીકરીના લગ્ન પ્રસંગમાં કન્યાના પિતાને આર્થિક સંકળામણ હોય તો સર્વે જ્ઞાતિબંધુઓને એક કરી સૌને મદદ કરવા હાંકલ કરે છે. દરેક જ્ઞાતિમાં આવા લાલચંદ કનોઝીયા જેવા સુત્રધારો હોય તો સમાજની કાયાપલટ થતાં વાર ન લાગે. એમના લાગણીભીના સંબંધોની એક નાનકડી વાત... તેમના ઘરે ધાર્મિક પ્રસંગ હતો. સૌ મહેમાનોનું આગમન થઈ ચુક્યુ હતુ. ધાર્મિક વિધિનો પ્રારંભ થયો અને ત્યાં સમાચાર આવ્યા કે આપણા એક જ્ઞાતિબંધુને એક્સીડન્ટ થયો છે.... બસ.. લાલચંદ વિધિ પડતી મુકી ઉભા થઈ ગયા અને પુત્રને વિધિ કરવાનું કહી પોતે દવાખાને ઉપડી ગયા... આવા સેવાના ભેખધારી અને સંબંધો જાળવવાની એક અનોખી આવડત ધરાવનાર લાલચંદનો સૌ આદર કરે તેમાં શી નવાઈ ?... વ્યક્તિગત સંબંધોમાં કેવળ અંગત સ્વાર્થ હોય છે જ્યારે સામુહિક સંબંધોમાં પરમાર્થ હોય છે. વ્યક્તિગત સંબંધો કદાચ એકાદ કુટુંબમાં પ્રકાશ પાથરે છે, સામુહિક સંબંધોથી સમાજ ઉજળો બને છે. લાલચંદ કનોઝીયા હાલ ૫૭ વર્ષના થયા છે. જીવનના અંત સુધી તેમને લોકોની સેવા કરવી છે. એ માને છે કે માનવ સેવાથી મોટો કોઈ ધર્મ નથી... પરમાત્મા તેમને દીર્ઘાયુષ્ય બક્ષે તેવી શુભેચ્છા.